# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 14-11-2024 Morning : 7.50 to 8.00
Day : Thursday National News

**આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.**

****************************************************

- ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 66 ટકાથી વધુ મતદાન નોંધાયું - બીજા તબક્કાના મતદાન માટે પ્રચાર થયો વેગીલો
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આદિવાસી ગૌરવ દિવસ નિમિત્તે બિહારના જમુઈની મુલાકાત લેશે.
- 43મા ભારત આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળો આજથી નવી દિલ્હીમાં શરૂ.
- બ્રિટિશ લેખિકા સામંથા હાર્વેએ વર્ષ 2024 માટે બુકર પુરસ્કાર જીત્યો
- આજે વિશ્વ મધુપ્રમેહ એટલે કે ડાયાબિટીસ જનજાગૃતિ દિવસ
- સેન્ચુરિયનમાં રમાયેલી ત્રીજી ટી-ટ્વેન્ટી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને અગિયાર રનથી હાર આપી

************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

JHARKHAND---CAMPAIGNING.RTF

ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ગઇકાલે 66 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન બાદ 20 નવેમ્બરે યોજાનાર બીજા તબક્કાના મતદાન માટે પ્રચાર તેજ થઈ ગયો છે.

NDA અને ઇન્ડી ગઠબંધન બંનેના નેતાઓ મતદારોને રીઝવવા વિવિધ મતવિસ્તારોમાં સભાઓ અને રેલીઓ કરી રહ્યા છે. આ શ્રેણીમાં ભાજપના વરિષ્ઠ નેતા અને ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યના વિવિધ વિસ્તારોમાં પ્રચાર કરશે..

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે બિહારના જમુઈની મુલાકાત લેશે જ્યાં તેઓ આદિવાસી ગૌરવ દિવસ પર આયોજિત ઉજવણીમાં ભાગ લેશે. આ ઘટના સાથે, ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણી શરૂ થશે.

શ્રી મોદી ભગવાન બિરસા મુંડાના સન્માનમાં સ્મારક સિક્કા અને ટપાલ ટિકિટનું અનાવરણ કરશે. આ અવસરે, પ્રધાનમંત્રી આદિવાસી સમુદાયોના ઉત્થાન અને પ્રદેશના ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવા માટે રૂ. 6,640 કરોડથી વધુના મૂલ્યની અનેક વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

JAISHANKAR-PHILLIPINES.RTF

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે ભારત અને ફિલિપાઈન્સ વચ્ચેના સંબંધો લોકતાંત્રિક મૂલ્યો, બહુમતીવાદી નૈતિકતા અને આર્થિક સમાનતાઓ પર આધારિત છે. ભારત-ફિલિપાઈન્સ રાજદ્વારી સંબંધોના 75 વર્ષ નિમિત્તે ગઈકાલે નવી દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધતા ડૉ. જયશંકરે કહ્યું હતું કે બંને દેશો આંતરરાષ્ટ્રીય કાયદાઓ, ધોરણો અને નિયમોને જાળવી રાખવા માટે

પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેના સંબંધોમાં ખાસ કરીને છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે.

વિદેશ મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસના પ્રયાસોને કારણે આ શક્ય બન્યું છે. તેમણે કહ્યું કે સંરક્ષણ અને સુરક્ષા સહયોગ પણ મજબૂત બન્યો છે. શ્રી જયશંકરે કહ્યું કે બંને દેશોના ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સમાન હિતો છે. વિદેશ મંત્રીએ એમ પણ કહ્યું કે ભારતની એક્ટ ઈસ્ટ પોલિસીના કારણે બંને દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બન્યા છે. આ પ્રસંગને યાદગાર બનાવવા એક વિશેષ લોગો બહાર પાડવામાં આવ્યો હતો, જેમાં ભારત અને ફિલિપાઈન્સ વચ્ચેના વિશેષ સંબંધો દર્શાવવામાં આવ્યા હતા.

IITF.RTF

43મો ભારત આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળો આજથી નવી દિલ્હીમાં શરૂ થઈ રહ્યો છે. ભારત મંડપમ ખાતે આયોજિત આ વર્ષના મેળાની થીમ 2047માં વિકસિત ભારત છે. આ વર્ષે ખાસ કેન્દ્રિત રાજ્ય ઝારખંડ છે, જ્યારે બિહાર અને ઉત્તરપ્રદેશ ભાગીદાર રાજ્યો છે. વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પિયુષ ગોયલે 14 દિવસ સુધી ચાલનારા આ મેળાનું ઉદઘાટન કરશે.

BOOKER-PRIZE.RTF

બ્રિટિશ લેખિકા સામંથા હાર્વેએ વર્ષ 2024 માટે બુકર પુરસ્કાર જીત્યો છે. આ એવોર્ડ તેમને અવકાશ પર આધારિત તેમની પ્રથમ નવલકથા ઓર્બિટલ માટે આપવામાં આવ્યો હતો. ઓર્બિટલ એ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર અવકાશયાત્રીઓના ક્રૂની વાર્તા છે, જે વિશ્વને એક અલગ દ્રષ્ટિકોણથી દર્શાવે છે. તે બ્રિટનમાં સૌથી વધુ વેચાતું પુસ્તક છે.

ગઈકાલે સાંજે લંડનના ઓલ્ડ બિલિંગ્સ ગેટમાં એક સમારોહમાં તેમના નામની જાહેરાત કરવામાં આવી હતી. 2019 પછી આ એવોર્ડ જીતનાર સામંથા હાર્વે પ્રથમ મહિલા છે. આ માટે તેમને 50 હજારપાઉન્ડ મળશે. લેખિકાએ આ એવોર્ડ પૃથ્વી અને શાંતિ માટે કામ કરતા તમામ લોકોને સમર્પિત કર્યો છે.

WORLD-DIABETES-DAY.RTF

દર વર્ષે 14 નવેમ્બરે વિશ્વ મધુપ્રમેહ એટલે કે ડાયાબિટીસ જાનજાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ડાયાબિટીસ એ એક જાહેર આરોગ્ય પડકાર છે જે વિશ્વભરના લાખો લોકોને અસર કરે છે. જે નિવારણ, વહેલું નિદાન, અસરકારક વ્યવસ્થાપન અને ડાયાબિટીસની સંભાળની સમાન પહોંચ અને રોગ વિશે લોકોમાં જાગૃતિ લાવવા માટે વ્યાપક પગલાંની તાત્કાલિક જરૂરિયાતની અગત્યતા દર્શાવવા વિશેષ કાર્યક્રમોનું આયોજન થાય છે.

આ વર્ષે વિશ્વડાયાબિટીસ દિવસની વિષય વસ્તુ "બ્રેકિંગ બેરિયર્સ એન્ડ બ્રિજિંગ ગેપ્સ"છે. જે સુનિશ્ચિત કરે છે કે ડાયાબિટીસ ધરાવતી દરેક વ્યક્તિ ઉચ્ચ-ગુણવત્તાવાળી, સસ્તી સારવાર મેળવી શકે અને કાળજીમાં અસમાનતાને દૂર કરવા માટે સરકારો, આરોગ્ય સંસ્થાઓ અને સમુદાયો વચ્ચે સહયોગ પર ભાર મૂકવામાં આવ્યો  છે. આ માત્ર ડાયાબિટીસના જોખમી પરિબળોને ઘટાડવા માટે જ નહીં પરંતુ આ સ્થિતિથી પીડિત લોકોને સતત સહાય પૂરી પાડવામાટે એક સંકલિત અભિગમની માંગ કરે છે. 2023માં પ્રકાશિત ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ-આઈસીએમઆર ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસ અનુસાર ભારતમાં લગભગ 101 કરોડ લોકો ડાયાબિટીસથી પીડિત છે.

MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

CRICKET---INDIA-SOUTH-AFRICA.RTF

સેન્ચુરિયનમાં રમાયેલી ત્રીજી ટી-ટ્વેન્ટી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને અગિયાર રનથી હર આપી છે. ભારતે યજમાન ટીમને 220 રનનો લક્ષ્યાંક આપ્યો હતો જેના જવાબમાં દક્ષિણ આફ્રિકા સાત વિકેટના નુકસાને 208 રન જ બનાવી શકી હતી. આફ્રિકા તરફથી માર્કો જેન્સને 17 બોલમાં 54 રન અને હેનરિક ક્લાસને 22 બોલમાં 41 રન બનાવ્યા હતા. ભારત તરફથી અર્શદીપ સિંહે ત્રણ અને વરુણ ચક્રવર્તીએ બે વિકેટ ઝડપી હતી.

આ પહેલા ભારતીય ટીમે નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટ ગુમાવીને 219 રન બનાવ્યા હતા. તિલક વર્માએ 56 બોલમાં સાત છગ્ગા અને આઠ ચોગ્ગાની મદદથી અણનમ 107 રન બનાવ્યા હતા જ્યારે અભિષેક શર્માએ 25 બોલમાં 50 રન કર્યા હતા . તિલક વર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયા. શ્રેણીની ચોથી અને છેલ્લી મેચ આવતીકાલે જોહાનિસબર્ગના વોન્ડરર્સ સ્ટેડિયમમાં રમાશે. ભારતે ચાર મેચની શ્રેણીમાં 2-1ની સરસાઈ મેળવી લીધી છે.

ATP-FINALS-2024.RTF

ATP ફાઇનલ્સ 2024 માં, રોહન બોપન્ના અને મેથ્યુ એબ્ડેનની ભારતીય અને ઓસ્ટ્રેલિયન જોડી ગઈકાલે અલસાલ્વાડોરના માર્સેલો અરેવાલો અને ક્રોએશિયાના મેટ પેવિક સામે તેમની બીજી મેચ હારી ગયા હતા.. બોપન્ના અને તેના સાથીનો પાલા અલ્પિટોરનો 7-5, 6-3થી ટોચના ક્રમાંકિત ખેલાડી સામે પરાજય થયો હતો. આ હારના કારણે તેઓ સેમી ફાઇનલમાં નહીં પહોંચી શકે.

બોપન્ના અને એબ્ડેન હવે તો જ ટોચના ચારમાં સ્થાન મેળવી શકે છે જો તેઓ આજે કેવિન ક્રાવિત્ઝ અને ટિમ પુએત્ઝની જર્મન જોડીસામે જીતી જાય. ઉપરાંત, સિમોન બોલેલી અને એન્ડ્રીયા વાવાસોરીએ તેમની બાકીની બંને મેચ જીતવી જરૂરી છે.

COACHING-INSTITUTE-GUIDELINES.RTF

કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળ દ્વારા એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે કે તમામ પ્રશિક્ષણ સંસ્થાઓએ તેમના વિદ્યાર્થીઓ અને અભ્યાસક્રમો સંબંધિત માહિતી જાહેર કરવી જોઈએ જેથી વાલીઓ અને ઉમેદવારોને ગેરમાર્ગે દોરવામાં ન આવે. ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેએ વિવિધ કોચિંગ સંસ્થાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી ભ્રામક જાહેરાત સામે નવી દિલ્હીમાં માર્ગદર્શિકા બહાર પાડી છે.

SRI-LANKA---POLLING.RTF

નવી સંસદની ચૂંટણી માટે શ્રીલંકામાં આજે મતદાન થશે. નવા ચૂંટાયેલા પ્રમુખ અનુરા કુમારા દિસનાયકે માટે આ એક કસોટીની ક્ષણ હશે. આ ચૂંટણીમાં દેશભરના એક કરોડ 70 લાખથી વધુ મતદારો અઢીસો પચીસ સંસદીય બેઠકો માટેના આઠ હજાર આઠસો ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે.

ચૂંટણીને મિસ્ટર ડિસાનાયકેની પાર્ટી માટે લિટમસ ટેસ્ટ તરીકે જોવામાં આવી રહી છે કારણ કે તે તેના સુધારણા એજન્ડાને આગળ ધપાવવા માટે સંસદમાં બહુમતી મેળવવાનું લક્ષ્ય ધરાવે છે. શાસક પક્ષ વિરોધ પક્ષો તરફથી પડકારોનો સામનો કરી રહ્યો છે, જેમાં સાજીથ પ્રેમદાસાની આગેવાની હેઠળના સામગી જન બાલવે ગયા અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે સાથે જોડાયેલા ન્યૂ ડેમોક્રેટિક ફ્રન્ટનો સમાવેશ થાય છે.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર

## રજૂ કરે છે પ્રવેશ અડિએચા

- બુલડોઝર એક્શન અંગેના સમાચાર તમામ સમાચારપત્રોએ પહેલા પાના પર લીધા છે. ગુજરાત સમાચાર લખે છે, બાળકો, મહિલાઓ, વૃદ્ધોને રાતોરાત ઢસડીને ઘરની બહાર ફેંકી દેવા દુઃખદઃ સુપ્રીમે બુલડોઝરને બ્રેક મારી. 'બુલડોઝર એક્શન' કાયદા વગરના શાસન સમાન. નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે, બુલડોઝર ન્યાય પર સુપ્રીમની બ્રેક, દિશાનિર્દેશ જારી કર્યા. "બુલડોઝર એક્શન- સુપ્રીમે દોરી નિયમોની લક્ષ્મણ રેખા" આ ફૂલછાબનું મુખ્યશીર્ષક છે. સર્વોચ્ચ અદાલતની ટિપ્પણીને ટાંકીને સંદેશ લખે છે, ચુકાદો આપવાનું કામ ન્યાયતંત્રનું છે, વહીવટી તંત્રનું નથી.
- "મણિપુરમાં ફરી હિંસા- કેન્દ્રીય દળના વધુ 2 હજાર જવાનો રવાના કરાયા" આ સમાચાર ગુજરાત સમાચારે પહેલા પાના પર પ્રસિદ્ધ કર્યા છે.
- દિવ્ય ભાસ્કરનું મુખ્યશીર્ષક છે, એક લાખ દર્શકો સાથે કૉલ્ડપ્લેની કરિયરનો સૌથી મોટો શૉ મોદી સ્ટેડિયમમાં, એકને માત્ર ચાર ટિકિટ.
- સંદેશનું મુખ્યશીર્ષક છે, સેન્સેક્સ પાંચ સત્રમાં 2 હજાર 687 પૉઈન્ટ તૂટ્યો.
- ફૂલછાબ લખે છે, ખ્યાતિ હૉસ્પિટલ સામે માનવવધનો ગુનો દાખલ.
- પોલીસે તમામ 15 દર્દીના ડિસ્ચાર્જ વખતે નિવેદન ન લીધાં, બીજા દિવસે બોલાવ્યા, એકની તબિયત લથડી આ દિવ્ય ભાસ્કરનું એક શીર્ષક છે.
- નવગુજરાત લખે છે, રોકાણકારોની મૂડીમાં દોઢ મહિનામાં રૂપિયા 48.5 લાખ કરોડનું ધોવાણ થયું.
- કૉચિંગ સેન્ટર્સની ગેરમાર્ગે દોરતી જાહેરાત અંગે કેન્દ્ર સરકારે માર્ગદર્શિકા જાહેર કરી તે સમાચાર સંદેશ, નવગુજરાત સમય, દિવ્ય ભાસ્કર અને ફૂલછાબે પહેલા પાના પર લીધા છે.